# evvie પોર્ટલમાં મેન્યુઅલ શિફ્ટ બનાવવા માટેની ઝડપી શરૂઆત માર્ગદર્શિકા જૂન 2025 માં અપડેટ કરવામાં આવી.

**આ માર્ગદર્શિકા તમને evvie પોર્ટલમાં મેન્યુઅલ શિફ્ટ બનાવવા તરફ લઈ જશે. જો તમે હજુ સુધી evvie પોર્ટલમાં સાઇન ઇન કર્યું ન હોય, તો સૂચનાઓ માટે FMSOne ઝડપી માર્ગદર્શિકાનો સંદર્ભ લો.** મેન્યુઅલ શિફ્ટ્સ EVV-અનુપાલિત નથી અને માત્ર ત્યારે જ ઉપયોગ કરવો જોઈએ જ્યારે સેવાને EVV ની આવશ્યકતા ન હોય અથવા મોબાઇલ ઍપનો ઉપયોગ કરીને શિફ્ટનું રેકોર્ડિંગ કરવામાં સમસ્યા હોય.

| | **પૂર્ણ કરવાનાં પગલાઓ** | **સ્ક્રીન પર તે કેવું દેખાય છે** |
|---|---|---|
| 1 | કોમ્પ્યૂટર, ટેબ્લેટ અથવા મોબાઇલ ઉપકરણ પર તમારા બ્રાઉઝર મારફત evvie પોર્ટલમાં સાઇન ઇન કર્યા બાદ, **View All Shifts (તમામ શિફ્ટ્સ જુઓ)** બટન પર ક્લિક કરો. | <br>*1 - View all Shifts (તમામ શિફ્ટ્સ જુઓ) બટન* |
| 2 | સ્ક્રીનનાં ટોપ પર **Create New Shift (નવી શિફ્ટ બનાવો)** બટન પર ક્લિક કરો. | <br>*2 - Create New Shift (નવી શિફ્ટ બનાવો) બટન* |
| 3 | શિફ્ટ બનાવો પત્રક પર તમારે તમામ ક્ષેત્રો પૂર્ણ કરવાની જરૂર પડશે. તેમાં **evvie** મોબાઇલ ઍપ સાથે આ શિફ્ટ તમે કેમ રેકોર્ડ કરી શકતા નથી તે માટેનાં અપવાદ અને કારણ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. તમારે હંમેશા પ્રારંભ/સમાપ્તિ સમયનાં ક્ષેત્રો અને ટાઇમ ઝોનનાં ક્ષેત્રો પૂર્ણ કરવાની જરૂર પડશે.<br><br>તમારે પૂર્ણ કરવાની જરૂર હોય તેવા અન્ય ક્ષેત્રો તમે કોના માટે કામ કરો છો અને તમે ક્યાં કામ કરો છો તેનાં આધાર પર ભિન્ન હોઇ શકે છે. FMS પ્રદાતા આ પત્રક પરનું દરેક ક્ષેત્ર શું અર્થ ધરાવે છે અને તમારે શું પૂર્ણ કરવાની જરૂર છે તેનાં પર તમને વધુ માહિતી આપશે<br><br>શિફ્ટ શા માટે મેન્યુઅલી રેકોર્ડ કરવામાં આવી રહી છે તે સમજાવવા માટે તમારે પત્રકનાં બોટમ પર આવેલા ટિપ્પણીનાં ક્ષેત્રનો ઉપયોગ કરવો જોઇએ. | <br>*3 - મેન્યુઅલ શિફ્ટ એન્ટ્રી સ્ક્રીન* |
| 4 | તમામ ક્ષેત્રો પૂર્ણ કર્યા બાદ, શિફ્ટ પ્રમાણિત કરવા માટે ચેકબોક્સ અંકિત કરો. અંતિમ પગલું વાદળી **Create Shift (શિફ્ટ બનાવો)** બટન પર ક્લિક કરવાનું છે. શિફ્ટ હવે મંજૂર કરેલી સ્થિતિમાં છે. તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવે અને પ્રક્રિયાકરણ માટે પેરોલને મોકલવામાં આવે તે પહેલા બીજી વ્યક્તિએ શિફ્ટ જોવાની અને મંજૂરી લૉક કરવાની જરૂર પડશે.<br><br>મેન્યુઅલ શિફ્ટ્સ **evvie** મોબાઇલ ઍપ મારફત સબમિટ કરવામાં આવી હતી તેવી કોઈપણ શિફ્ટ્સની જેમ જ એડજસ્ટ કરવામાં આવી શકે છે અને નકારવામાં પણ આવી શકે છે. | <br>*4 - Comments Box and Create Shift (ટિપ્પણીઓનું બોક્સ અને શિફ્ટ બનાવો) બટન* |

જો તમને વધારાનાં પ્રશ્નો હોય, તો કૃપા કરીને **evvie** વપરાશકર્તા પુસ્તિકાનો સંદર્ભ લો અથવા સહાયતા માટે તમારા FMS પ્રદાતાનો સંપર્ક કરો.

HHAeXchange

© Copyright 2025 HHAeXchange